YASH K. POTA | Advocate | G/1227/2003

O. 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
*Contact : 88 66 77 11 71* | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

**તા. ૧૬-૦૯-૨૦૨૨**

**પ્રતિ,**

**મે. રોયલ અનન્તા - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢી,**

સરનામું : શોપ નં. ૨૦૧, બીજો માળ, રે. સ. નં. ૧૨/૫,

અંતરજાળ, તા. ગાંધીધામ - કચ્છ.

**<u>બાબત : ટાઇટલ ક્લિયરન્સ સર્ટીફીકેટ</u>**

ગામ શિણાય, તા. ગાંધીધામ – કચ્છ મધ્યે આવેલ બિનખેતી જમીન રેવેન્યુ સર્વે નં. ૪૯૬/૪૧, ક્ષેત્રફળ ૩૫,૪03 ચો. મી. વાળી મિલકતનું (કે જેને હવેથી સરળતા અને ટુંકાણ ખાતર **"સદરહુ જમીન / મિલકત"** તરીકે સંબોધવામાં આવશે) રેકર્ડ આધારીત ટાઇટલ ચકાસી તેમજ સબ - રજીસ્ટ્રાર કચેરીમાથી સર્ચ કરી, તે બાદ ટાઇટલ કલિયર જણાય તો તે બાબતનું ક્લિયરન્સ સર્ટિફિકેટ ઇશ્યુ કરવા મને આપના એટલે કે **મે. રોયલ અનન્તા - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા અધિકૃત સહીકર્તા ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય** (જેમને હવેથી આ સર્ટિફિકેટ / રીપોર્ટમાં સરળતા અને ટુંકાણ ખાતર **"સદર માલિક"** તરીકે સંબોધવામાં આવશે) તરફથી વિનંતી થયેલી છે. આપના તરફથી થયેલી વિનંતી અન્વયે આપના તરફથી પુરા પાડવામાં આવેલા પેપર્સ તપાસવામાં આવેલા છે. આ ચકાસણી અન્વયે જે તારણો મળેલા છે તે હવે પછી વર્ણન કરવામાં આવે છે.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

YASH K. POTA | Advocate | G/1227/2003

*O.* 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
***Contact :** 88 66 77 11 71* | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

**<u>તપાસવામાં આવેલા પેપર્સ</u> :**

- નાયબ કલેક્ટર, અંજારના હુકમ નં. લેન્ડ/ગ્રાન્ટ/૬૯, તા. ૦૧-૦૬-૧૯૬૯ ની નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૪૬૭ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૩૪૪ ની ખરી નકલ.
- નાયબ કલેક્ટર, અંજારના હુકમ નં. ના મલય/મંજુર/વશી/૨૯૦/૨૦૦૪, તા. ૧૫-૦૫-૨૦૦૪ ની નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૩૩૦૯ ની ખરી નકલ.
- જનરલ પાવર ઓફ એટોર્ની, તા. ૨૯-૧૨-૨૦૦૪ વાળાની ખરી નકલ.
- રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૨૫૬, તા. ૧૩-૦૨-૨૦૦૭ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૩૯૦૮ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૪૧૬૮ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૦૫૭૧ ની ખરી નકલ.
- રજી. વહેંચણી લેખ અનુક્રમ નં. ૫૭૦૪, તા. ૦૮-૧૦-૨૦૨૦ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૦૬૨૦ ની ખરી નકલ.
- રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૩૫૫, તા. ૧૫-૦૨-૨૦૨૧ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૦૯૧૩ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૧૩૦૮ ની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૧૫૩૬ ની ખરી નકલ.

Yash K. Pota • Advocate • Anjar-Kutch • G/1227/2003

- કલેક્ટર, કચ્છના હુકમ નં. ૧૫૭૬/01/૧0/00૪/૨૦૨૧, તા. ૨૩-૧૧-૨૦૨૧ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૧૫૮૦ ની ખરી નકલ.
- રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૫૦૮, તા. ૧૨-૦૧-૨૦૨૨ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૧૭૮૮ ની ખરી નકલ.
- જી. ડી. એ. આદિપુર, તરફથી આપવામાં આવેલ પરમીશન નં. ૫૩૯૬૯/એલ.પી. ઇશ્યુડ અંડર નં. ૧૬ -જી.ડી.એ.(૧૪૮૩)/૨૦૨૨, તા. ૧૦-૦૬-૨૦૨૨ ની ખરી નકલ.
- સદરહુ મિલકત અંગે મંજુર થયેલ લે – આઉટ પ્લાનની ખરી નકલ.
- રજી. વેંચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૮૩૭૭, તા. ૦૮-૦૯-૨૦૨૨ વાળાની ખરી નકલ.
- ગામ નમુના નં. ૬, હક્કપત્રકની નોંધ નં. ૧૨૫૯૮ ની ખરી નકલ.
- સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામની કચેરીમાં કરવામાં આવેલ છેલ્લા ૩૩ વર્ષના દસ્તાવેજોની સર્ચ અંગે ભરપાઈ કરેલ ફી ની રસીદ નં. ૩૯૬૯ તથા ૩૯૭૦, તા. ૧૪-૦૯-૨૦૨૨ વાળી અસલ.

**દસ્તાવેજી આધારો મુજબનો પુર્વઇતિહાસ :**

૧. સદરહુ મિલ્કત મુળ જુના રેવેન્યુ સર્વે નં. ૩૬૦, ક્ષેત્રફળ હેક્ટર ૧-૦૫ પ્રતિઆરે તથા રેવેન્યુ સર્વે નં. ૩૬૬, ક્ષેત્રફળ હેક્ટર ૬-૧૦ પ્રતિઆરેવાળી તરીકે આવેલી હતી જે ભટ્ટી ગીરધરલાલ માવજીને નાયબ કલેક્ટર, અંજારના હુકમ નં. લેન્ડ/ગ્રાન્ટ/૬૯, તા. ૦૧-

Yash K. Pota • Advocate • Anjar-Kutch • G/1227/2003

૦૬-૧૯૬૯ વાળાથી ૧૨ પટ ભર્યેથી નવી શરતથી કબ્જા હક્ક પ્રાપ્ત થશે તે રીતે મંજુર થયેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૪૬૭ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૨. જ્યારે બોમ્બે લેન્ડ રેવેન્યુ કોડ તથા તે હેઠળના નિયમો જ્યારે આ વિસ્તારને લાગુ કરી, જુનું રેકોર્ડ રિપ્લેસ કરવાના હેતુસર રાજ્ય સરકાર તરફથી સને ૧૯૭૧ ની સાલમાં કરવામાં આવેલી નવી અને વૈજ્ઞાનિક પદ્ધતિની જમીન માપણી કરવામાં આવેલી ત્યારે જુના રેવેન્યુ સર્વે નં. ૩૬૦, ક્ષેત્રફળ હેક્ટર ૧-૦૫ પ્રતિઆરે તથા રેવેન્યુ સર્વે નં. ૩૬૬, ક્ષેત્રફળ હેક્ટર ૬-૧૦ પ્રતિઆરેવાળી જમીનોને ટ્રાવર્સ પૈકી ૪૯૬ પૈકી નવા સર્વે નંબર આપવામાં આવેલા અને સદરહુ જમીન ભટ્ટી ગીરધરલાલ માવજીના એકલાના હક્ક તથા કબ્જા તળે આવેલી હોવાનું નોંધી સદરહુ જમીન રેવેન્યુ રેકર્ડમાં તેમના નામે દાખલ કરવામાં આવેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૩૪૪ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૩. ત્યારબાદ નાયબ કલેક્ટર, અંજારના હુકમ નં. ના મલય/મંજુર/વશી/૨૯૦/૨૦૦૪, તા. ૧૫-૦૫-૨૦૦૪ વાળાથી ભટ્ટી ગીરધરલાલ માવજીને સદરહુ સર્વે નં. ૪૯૬/૪ ક્ષેત્રફળ એકર ૨-૨૫ ગુંઠા તથા સર્વે નં. ૪૯૬/૫, ક્ષેત્રફળ એકર ૧૫-૧૦ ગુંઠાવાળી જમીનો જુની શરતે ખેતીના હેતુ માટે નિયમીત કરી આપવાનો હુકમ કરતાં સદર હુકમ મુજબ સદરહુ જમીન જે મુળ નવી શરતે મંજુર કરવામાં આવેલ હતી તે નવી શરતના નિયંત્રણોથી મુક્ત કરી જુની શરતમાં ફેરવવામા આવેલ છે. આ અન્વયે ગામના નમુના

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

O. 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
Contact : 88 66 77 11 71 | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૩૩૦૯ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૪. ત્યારબાદ સદરહુ બંને જમીનો ભટ્ટી ગીરધરલાલ માવજી વેંચાણ કરવા માંગતા હોઈ તેમની પાસેથી તેમના પાવર ઓફ એટર્ની હોલ્ડર તે રાજેશ શ્યામસુંદર ખત્રી મારફતે તા. ૧૩-૦૨-૨૦૦૭ ના રોજે સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ સમક્ષ રજુ કરી તેમની કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૧૨૫૬ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી કારા ધના હરીજન તથા નીલમબેન રાજેશભાઈ ખત્રીએ સંયુક્તપણે અઘાટ વેંચાણ મેળવેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૩૯૦૮ વાળી પાડવામાં આવેલી જે નોંધ ટેક્નિકલ કારણોસર દ્વારા નામંજુર કરવામાં આવેલ.

૫. ત્યારબાદ સદર કારા ધના હરીજન તથા નીલમબેન રાજેશભાઈ ખત્રી દ્વારા નવેસરથી દસ્તાવેજી આધારો સાથેની અરજી કરવામાં આવતાં તે અરજી તથા રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજના આધારે નવેસરથી ઉપરોક્ત વેંચાણ વ્યવહારની ગામ નમૂના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૪૧૬૮ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે. આમ, સદરહુ મિલ્કતના સંયુક્ત માલિક તથા કબ્જેદાર તે કારા ધના હરીજન તથા નીલમબેન રાજેશભાઇ ખત્રી બનેલ અને સદરહુ મિલ્કત રેવેન્યુ રેકર્ડમાં તેમના નામે નોંધવામાં આવેલ. અલબત્ત, વેચાણ મેળવ્યા બાદ સદર બંને માલિકોએ પોત પોતાની રીતે અલગ હિસ્સા બનાવી સ્વતંત્ર ખેતી કરેલી હતી અને તે મુજબ જ જમીન ખેડવામાં આવતી હતી જે બાબતનો રજીસ્ટર્ડ દસ્તાવેજ પણ પાછળથી તેઓએ કરેલો છે.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

YASH K. POTA | Advocate | G/1227/2003
O. 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
Contact : 88 66 77 11 71 | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

૬. આ દરમ્યાન મામલતદાર, ગાંધીધામના હુકમ નં. ઈ-ધરા/સુધારા/શીણાય/રજી નં. ૧૬/૮/૨૦૨૦, તા. ૧૦-૦૯-૨૦૨૦ વાળાથી સદરહુ મિલ્કતની સાથે શિણાય ગામની અન્ય જમીનો જેમના રેવેન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૭/૧૨ તથા ૮/અ માં જમીનના ઉપયોગની કોલમમાં "સરકારી પડતર" દર્શાવેલું હતું તેવા સર્વે નંબરોવાળી જમીનોની યાદી એનેક્ષર-એ મુજબ સામેલ રાખી (સરકારી, સંસ્થાકીય સિવાય) તેમજ તલાટી / સહમંત્રી, શિણાયના તા. ૦૩-૦૯-૨૦૨૦ વાળા પત્ર મુજબ તે જમીનો પર ખેતી થતી હોવાનું નોંધી સદર જમીનોના રેવેન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૭/૧૨ તથા ૮/અ માં જમીનના ઉપયોગની કોલમમાં "સરકારી પડતર" દુર કરવા અભિપ્રાયને ધ્યાને લઈ સદરહુ જમીનો સાથેની અન્ય જમીનો જેનું ઉપરોક્ત યાદીમાં સમાવેશ થતું હતું તે જમીનોના રેવેન્યુ રેકર્ડમાં ગામ નમુના નં. ૭/૧૨ તથા ૮/અ માં જમીનના ઉપયોગની કોલમમાં "સરકારી પડતર" શબ્દ દુર કરી "ખેતીલાયક ઉપયોગ" શબ્દ ઉમેરવામાં આવેલ અને તે મુજબ સદરહુ જમીનોના રેવેન્યુ રેકર્ડમાં સુધારો કરવા હુકમ કરવામાં આવેલ. આ હુકમ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૦૫૭૧ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૭. અગાઉ જણાવ્યા મુજબ સદરહુ બંને જમીનો સર્વે નં. ૪૯૬/૪, ક્ષે. હે. ૧-૦૬-૨૩ તથા સર્વે નં. ૪૯૬/૫, ક્ષે. હે. ૬-૧૭-૧૫ વાળી કારા ધના હરીજન શાંખે ભોઈયા તથા નીલમબેન રાજેશભાઈ ખત્રી દ્વારા તેમની પરસ્પર સમજુતી અનુસંધાને અલગ - અલગ રીતે જે ખેડવા - ભોગવવામા આવતી હતી તે અંગે ભવિષ્યમાં કોઈ શંકા રહે નહિ તે હેતુસર રેકર્ડ પર ફોર્મલી વહેંચણી કરવાનું નક્કી થયેલું. તેથી તે જુની વહેંચણી રેકોર્ડ પર નોંધવા અંગેનો બિનઅવેજી લેખ તા. ૦૮-૧૦-૨૦૨૦ ના રોજે સબ રજીસ્ટ્રાર,

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

ગાંધીધામ સમક્ષ રજુ કરી તે કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૫૭૦૪ વાળાથી નોંધાયેલ વહેંચણીના લેખથી સદરહુ બંને જમીનો પૈકી નીલમબેન રાજેશભાઇ ખત્રીના ભાગે સર્વે નં. ૪૯૬/૪, ક્ષે. હે. ૧-૦૬-૨૩ તથા સર્વે નં. ૪૯૬/૫, ક્ષે. હે. ૬-૧૭-૧૫ પૈકી દક્ષીણ તરફનો ભાગ તે ક્ષે. હે. ૨-૫૫-૯૭ વાળો આવેલ હોવા તેમજ કારા ધના હરીજન શાંખે ભોઇયાના ભાગે સર્વે નં. ૪૯૬/૫, ક્ષે. હે. ૬-૧૭-૧૫ પૈકી ઉત્તર તરફનો ભાગ તે ક્ષે. હે. ૩-૬૧-૧૮ વાળો આવેલ હોવાનુ લેખિત સ્વરૂપે જાહેર કરવામાં આવેલું. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૦૬૨૦ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૮. ત્યારબાદ સદરહુ સર્વે નં. ૪૯૬/૫, ક્ષે. હે. ૬-૧૭-૧૫ પૈકી ઉત્તર તરફનો ભાગ તે ક્ષે. હે. ૩-૬૧-૧૮ વાળી જમીન કારા ધના હરીજન શાંખે ભોઇયા વેંચાણ કરવા માંગતા હોઇ તેમની પાસેથી તા. ૧૫-૦૨-૨૦૨૧ ના રોજે સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ સમક્ષ રજુ કરી તે કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૧૩૫૫ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશીએ અઘાટ વેંચાણ મેળવેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૦૯૧૩ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે આમ, સદરહુ મિલ્કતના માલિક તથા કબ્જેદાર તે સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી બનેલ અને સદરહુ મિલ્કત રેવેન્યુ રેકર્ડમાં તેમના નામે નોંધવામાં આવેલ.

૯. ત્યારબાદ સદર સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી દ્વારા સદરહુ મિલ્કતના કમીજાસ્તી પત્રક તૈયાર કરાવી રેકર્ડમાં દુરસ્તી કરાવવા અંગે ડિ. આઇ. એલ. આર.

Yash K. Pota
G/1227/2003
Advocate • Anjar-Kutch

કચેરી, ભુજ સમક્ષ જરૂરી દસ્તાવેજી આધારો સાથેની અરજી કરવામાં આવતાં તે અરજી તથા સાધનીક કાગળો અન્વયે જુદી - જુદી ચકાસણી તથા કાર્યવાહીના અંતે જીલ્લા ઇન્સ્પેક્ટર જમીન દફ્તર કચેરીના હુકમ નં. એમ.આર/વશી/૩૭૬૯/૨૦-૨૧, તા. ૧૬-૦૭-૨૦૨૧ તથા નાયબ કલેક્ટર, અંજારના પત્ર નં. જમન/વશી/૧૦૫૦/૨૦૨૧, તા. ૧૩-૦૭-૨૦૨૧ વાળાથી સદરહુ મિલ્કત તે સર્વે નં. ૪૯૬/૫/પૈકી ૧ વાળીમાં કે. જે. પી. દુરસ્તી પત્રક નં. ૮૭/૨૦૨૧ તથા નં. કે. જે. પી. એસ. આર. ૭૬૮/૨૧ વાળાથી પત્રકમાં જણાવેલ વિગતે ફેરફાર કરી સદરહુ મિલ્કતને નવા સર્વે નં. ૪૯૬/૪૧, ક્ષે. હે. ૩-૬૧-૧૮ આપવામાં આવેલ. ઉપરોક્ત હુકમ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૧૩૦૮ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૧૦. ત્યારબાદ સદર સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી તરફથી સદરહુ જમીનને બિનખેતીના હેતુ માટે ફેરવવાનું નક્કી કરતાં તે અંગેનું પ્રિમિયમ ભરવાની મંજુરી તથા બિનખેતી પરવાનગી મેળવવા તા. ૧૩-૧૦-૨૦૨૧ ના રોજ જરૂરી અરજી ઓનલાઇન પધ્ધતિથી કલેક્ટર, કચ્છ સમક્ષ કરેલી. આ અરજી અન્વયે થયેલી જુદી - જુદી તપાસ અને ઇન્કવાયરીને અંતે તથા અરજદાર તરફથી જરૂરી પ્રિમિયમની રકમની ચુકવણી કરવામાં આવતાં કલેક્ટર, કચ્છ તરફથી તેમના હુકમ નં. ૧૫૩૨/૦૧/૧૦/૦૦૪/૨૦૨૧, તા. ૧૬-૧૧-૨૦૨૧ વાળાથી સદર જમીનને બિનખેતી રહેણાંકના હેતુ માટે જુની શરતમાં ફેરવવા હુકમ કરવામાં આવેલ. ઉપરોક્ત હુકમ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૧૫૩૬ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

૧૧. ઉપરોક્ત વિગતે સદર સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી દ્વારા સદરહુ મિલ્કત ખેતી સ્વરૂપની મિલ્કતને બિનખેતીમાં ફેરવવા માટે તેમના તરફથી જરૂરી અરજી ઓનલાઇન પધ્ધતિથી કલેક્ટર, કચ્છ સમક્ષ કરેલી. આ અરજી અન્વયે થયેલી જુદી - જુદી તપાસ અને ઇન્કવાયરીને અંતે કલેક્ટર, કચ્છ તરફથી તેમના હુકમ નં. ૧૫૭૬/૦૧/૧૦/૦૦૪/૨૦૨૧, તા. ૨૩-૧૧-૨૦૨૧ વાળાથી સદરહુ સર્વે નં. ૪૯૬/૪૧, ક્ષેત્રફળ ૩૬,૧૧૮ ચો. મી પૈકી ક્ષેત્રફળ ૩૫,૪૦૩ ચો. મી. જેટલી જમીનને રહેણાંકના હેતુ માટે બિનખેતીમાં ફેરવી આપવાનો હુકમ ફરમાવેલો છે. ઉપરોક્ત બિનખેતી હુકમ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૧૫૮૦ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી છે.

૧૨. ત્યારબાદ સદરહુ સર્વે નં. ૪૯૬/૪૧, ક્ષેત્રફળ ૩૫,૪૦૩ ચો. મી. જમીનને બિનખેતીમાં ફેરવ્યા બાદ સદરહુ મિલકત સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી વેંચાણ કરવા માંગતા હોઇ તેમની પાસેથી તા. ૧૨-૦૧-૨૦૨૨ ના રોજે સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામ સમક્ષ રજુ કરી તે કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૫૦૮ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી (૧). પંકજ રતિલાલ બલદાનીયા, (૨). ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય તથા (૩). દિપક પ્રકાશ ચંદનાનીએ સંયુક્ત રીતે અઘાટ વેંચાણ મેળવેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૧૭૮૮ વાળી પાડી યોગ્ય રીતે પ્રમાણિત કરવામાં આવેલી આમ, સદરહુ મિલ્કતના સંયુક્ત માલિક તથા કબ્જેદાર તે (૧). પંકજ રતિલાલ બલદાનીયા, (૨). ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય તથા (૩). દિપક પ્રકાશ ચંદનાની બનેલ અને સદરહુ મિલ્કત રેવેન્યુ રેકર્ડમાં તેમના સંયુક્ત નામે નોંધવામાં આવેલ.

Yash K. Pota • Advocate • Anjar-Kutch • G/1227/2003

YASH K. POTA | Advocate | G/1227/2003
O. 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
Contact : 88 66 77 11 71 | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

૧૩. ત્યારબાદ સદર (૧). પંકજ રતિલાલ બલદાનીયા, (૨). ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય તથા (૩). દિપક પ્રકાશ ચંદનાની તરફથી સદરહુ બિનખેતી મિલકત માટે જરૂરી લે - આઉટ પ્લાન તૈયાર કરાવી તે પ્લાન અંગે જરૂરી પરવાનગી મેળવવા ગાંધીધામ ડેવલોપમેન્ટ ઓથોરીટી, આદિપુર સમક્ષ યોગ્ય દસ્તાવેજી આધારો સાથેની અરજી કરતાં તે અરજી અન્વયે સદર કચેરી તરફથી જરૂરી તપાસ તથા ઇન્કવાયરી બાદ તેમની પરમીશન નં. ૫૩૯૭૯/એલ.પી. ઇશ્યુડ અંડર નં. ૧૬ -જી.ડી.એ.(૧૪૮૩)/૨૦૨૨, તા. ૧૦-૦૬-૨૦૨૨ વાળાથી સદર લે - આઉટ પ્લાન મંજુર કરી સદરહુ રેવેન્યુ સર્વે નં. ૪૯૬/૪૧, ક્ષે. ૩૫,૪૦૩ ચો. મી. પૈકી રહેણાંક હેતુના પ્લોટો માટે કુલ્લ ક્ષે. ૧૯,૯૧૮.૫૩ ચો. મી., વાણીજ્ય હેતુના પ્લોટો માટે કુલ્લ ક્ષે. ૪,૦૩૨ ચો. મી., સાર્વજનીક પ્લોટ ક્ષે. ૩,૫૪૦.૭૪ ચો. મી. તથા આંતરીક રોડ - રસ્તા માટે કુલ્લ ક્ષે. ૭,૯૧૧.૭૩ ચો. મી. જેટલી જમીન માટેનો લે - આઉટ પ્લાન મંજુર કરવામાં આવેલ.

૧૪. ત્યારબાદ સદરહુ બિનખેતી મિલકત (૧). પંકજ રતિલાલ બલદાનીયા, (૨). ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય તથા (૩). દિપક પ્રકાશ ચંદનાની વેંચાણ કરવા માંગતા હોઇ તેમની પાસેથી તા. ૦૮-૦૯-૨૦૨૨ ના રોજે સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ સમક્ષ રજુ કરી તે કચેરીની ૧ નંબરની બુકના અનુક્રમ નં. ૮૩૭૭ થી નોંધાયેલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી હાલના માલિક તે મે. રોયલ અનન્તા - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર તથા અધિકૃત સહીકર્તા ચંદ્રેશ કાંતિલાલ આચાર્યએ અઘાટ વેંચાણ મેળવેલ. આ અન્વયે ગામના નમુના નં. ૬, હક્કપત્રકમાં નોંધ નં. ૧૨૫૯૮ વાળી પાડવામાં આવેલી છે. આમ, સદરહુ મિલ્કતના માલિક તથા કબ્જેદાર તે મે. રોયલ અનન્તા - એ નામથી નોંધાયેલી ભાગીદારી પેઢી વતી તેના ભાગીદાર તથા અધિકૃત

Yash K. Pota • Advocate • Anjar-Kutch • G/1227/2003

YASH K. POTA | Advocate | G/1227/2003
O. 18 | 1st floor | Shree Centre | Near Telephone Exchange | Besides Town Hall |
Anjar | Kutch | Gujarat | 370110 |
Contact : 88 66 77 11 71 | 99 78 00 88 77 | office.advocatepota@gmail.com

સહીકર્તા ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય બનેલ અને સદરહુ મિલ્કત રેવેન્યુ રેકર્ડમાં તેમના નામે નોંધવામાં આવેલ. આમ, ઉપરોક્ત વિગતે સદર ભાગીદારી પેઢી તરફથી ઉપરોક્ત મિલકત ખરીદ કર્યા બાદ તે મિલકત પર આવેલ પ્લોટો અન્વયેના પ્રોજેક્ટને "રોયલ અનન્તા" નામ આપવામાં આવેલ છે તે રીતે સદર બિનખેતી મિલકત "રોયલ અનન્તા" થી ઓળખાય છે.

૧૫. સદર ભાગીદારી પેઢી તરફથી ઉપરોક્ત મિલકત ખરીદ કર્યા બાદ તે મિલકત માટે મંજુર થયેલ લે - આઉટ પ્લાન મુજબ રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ પ્લોટો માટેનું પ્રોજેક્ટ શરૂ કરી તે પ્રોજેક્ટને " રોયલ અનન્તા" નામ આપવામાં આવેલ છે.

૧૬. આ ઉપરાંત વધુ ખરાઈ કરવાના હેતુસર સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામની કચેરીમાં છેલ્લા ૩૩ વર્ષની દસ્તાવેજોની સર્ચ કરવામાં આવેલી હતી જેનાથી કોઈ અન્ય બોજા, હક્કો નથી તેવી ખરાઈ કરી શકાય. આ સર્ચ કરવાની ફી તા. ૧૪-૦૯-૨૦૨૨ ના ભરપાઈ કરી, તે અંગેની રસીદ નં. ૩૯૬૯ તથા ૩૯૭૦ વાળી મેળવી તે રોજે સદર મિલકતના રેકર્ડની સર્ચ કરવામાં આવેલી. પરંતુ તેમાથી એવો કોઈ દસ્તાવેજ જે સદર માલિકના હક્ક કે ટાઇટલ વિરુદ્ધનો હોય તેવો જણાયેલો નથી. તે રીતે ઉપરોક્ત સર્ચ મુજબ પણ કોઈ અન્ય હક્ક કે બોજો ન હોવાનું સ્પષ્ટ થયેલું છે.

આમ, પુરા પાડવામાં આવેલ પેપર્સ તથા સબ - રજીસ્ટ્રાર, ગાંધીધામની કચેરીમાં કરવામાં આવેલ દસ્તાવેજોની સર્ચ મુજબ સદર મિલકતનું સંપુર્ણ રેકર્ડ તથા ઉપરોક્ત

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

| YASH K. POTA \| Advocate \| G/1227/2003 |
|---|
| *O.* 18 \| 1st floor \| Shree Centre \| Near Telephone Exchange \| Besides Town Hall \| Anjar \| Kutch \| Gujarat \| 370110 \| *Contact : 88 66 77 11 71* \| 99 78 00 88 77 \| office.advocatepota@gmail.com |

પુર્વઇતિહાસ ચકાસતાં ક્લિયર અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું તેમજ બોજારહિત એટલે કે એંકમ્બરન્સ વિનાની હોવાનું સ્પષ્ટ છે અને તે રીતેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Yash K. Pota • G/1227/2003 • Advocate • Anjar-Kutch

Yash pota

યશ કે. પોટા,

એડવોકેટ

# Inspector General of Registration
# Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : R S No.496/41,Vill.Shinay,Ta.Gandhidham

Search in : Sinay/SINAY

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૪૫૦૦૦૧૩૩૧૬ | અરજી નંબર | ૩૯૬૯ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૪ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૨ |

રજુ કરનારનું નામ Yash K Pota ADV

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો...................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................................. | |
| ટપાલ ખર્ચ.......................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................... | |
| શોધ અગર તપાસણી.....................વર્ષ : 1990 થી 2006 | ૧૮૦.૦૦ |
| દંડ કલમ-૨૫.................................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )...................................................... | |
| નકલ ફી ફોલીયો................................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ...................................................................... | |
| અન્ય ફી ........................................................................... | |

| કુલ એકંદરે રૂ. | ૧૮૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો એંશી પુરા

Seal of the Sub-Registrar * Gandhidham

SOLANKI KARANKUMAR ARJUNBHAI
સબ રજીસ્ટ્રાર
ગાંધીધામ

અંકે રૂ. : 180.00

20220914157092254

સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ

## Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
### અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : સર્વે નંબર ૪૯૬/૪૧ ના કુલ્લ ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી માં આવેલ રહેણાંક હેતુ અર્થે ના પ્લોટ નંબર ૧ થી ૧૮૬ નું ક્ષેત્રફળ ૧૯૯૧૮.૫૩ ચો.મી,વાણીજ્ય હેતુ અર્થે પ્લોટ નંબર સી-૧ થી સી-૯ નું ક્ષેત્રફળ-૪૦૩૨.૦૦ ચો.મી,સાર્વજનિક પ્લોટ નું ક્ષેત્રફળ ૩૫૪૦.૭૪ તથા આંતરિક રોડ રસ્તા-માટે કુલ્લ ક્ષેત્રફળ ૭૯૧૧.૭૩ ચો.મી એમ કુલ્લ જમીન નું ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી.

Search in : Sinay/SINAY

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૨૦૪૫૦૦૦૧૩૩૧૮ | અરજી નંબર | ૩૯૭૦ | અરજી વર્ષ | ૨૦૨૨ |
| તારીખ | ૧૪ | માહે | સપ્ટેમ્બર | સને | ૨૦૨૨ |

**રજુ કરનારનું નામ** Yash K Pota ADV

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................. | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો................................. | |
| શેરોની નકલ કરવા માટે ફી.......................................... | |
| ટપાલ ખર્ચ.................................................. | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......................... | |
| શોધ અગર તપાસણી....................વર્ષ : 2007 થી 2022 | ૨૭૦.૦૦ |
| દંડ કલમ-૨૫................................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................ | |
| નકલ ફી ફોલીયો............................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી .............................................. | |
| અન્ય ફી ................................................... | |

| કુલ એકંદરે રૂ. | ૨૭૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા બે સો સીત્તેર પુરા

Seal of the Sub-Registrar * Gandhidham *

SOLANKI KARANKUMAR ARJUNBHAI
સબ રજીસ્ટ્રાર
ગાંધીધામ

અંકે રૂ. : 270.00

20220914417442350

સબ રજીસ્ટ્રાર, ગાંધીધામ

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

# મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

**Search in : Yash K Pota ADV** અરજી નંબર : 3970 ગામ નું નામ : **SINAY**

**Search Year : 2007 - 2022** મિલ્કતનું વર્ણન : સર્વે નંબર ૪૯૬/૪૧ ના કુલ્લ ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી માં આવેલ રહેણાંક હેતુ અર્થે ના પ્લોટ નંબર ૧ થી ૧૮૬ નું ક્ષેત્રફળ ૧૯૯૧૮.૫૩ ચો.મી,વાણીજ્ય હેતુ અર્થે પ્લોટ નંબર સી-૧ થી સી-૯ નું ક્ષેત્રફળ-૪૦૩૨.૦૦ ચો.મી,સાર્વજનિક પ્લોટ નું ક્ષેત્રફળ ૩૫૪૦.૭૪ તથા આંતરિક રોડ રસ્તા-માટે કુલ્લ ક્ષેત્રફળ ૭૯૧૧.૭૩ ચો.મી એમ કુલ્લ જમીન નું ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham** મા -16 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 14/09/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નક

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ.15931350.00 | રે.સ. નં.496/41 ક્ષે.35403.00 ચો.મી રહેણાંક હેતુ | | | સુરેશકુમાર કેશવજીભાઇ વાઘમશી | પંકજ રતિલાલ બલદાનીયા ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય દિપક પ્રકાશ ચંદનાની | 12-01-2022<br>12-01-2022 | 508 | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20220914417442350 Date **14/09/2022** થી મળેલ છે.

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham**

Seal of the Sub-Registrar ★ Gandhidham

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : Yash K Pota ADV** અરજી નંબર : 3970 ગામ નું નામ : **SINAY**

**Search Year : 2007 - 2022** મિલ્કતનું વર્ણન : સર્વે નંબર ૪૯૬/૪૧ ના કુલ્લ ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી માં આવેલ રહેણાંક હેતુ અર્થે ના પ્લોટ નંબર ૧ થી ૧૮૬ નું ક્ષેત્રફળ ૧૯૯૧૮.૫૩ ચો.મી,વાણીજ્ય હેતુ અર્થે પ્લોટ નંબર સી-૧ થી સી-૯ નું ક્ષેત્રફળ-૪૦૩૨.૦૦ ચો.મી,સાર્વજનિક પ્લોટ નું ક્ષેત્રફળ ૩૫૪૦.૭૪ તથા આંતરિક રોડ રસ્તા-માટે કુલ્લ ક્ષેત્રફળ ૭૯૧૧.૭૩ ચો.મી એમ કુલ્લ જમીન નું ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham** મા -16 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 14/09/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નક

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.17790000.00 | રે સ નં 496/41<br>ક્ષે 31371.00 ચો મી<br>રહેણાંક હેતુ પ્લોટ ક્ષે 19918.53 ચો મી<br>સાર્વજનીક પ્લોટ ક્ષે 3540.74 ચો મી<br>આંતરીક રોડ-રસ્તા ક્ષે 7911.73 ચો મી | | | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>દિપક પ્રકાશ ચંદનાની<br>પંકજ રતિલાલ બલદાનીયા | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>મે. રોયલ અનન્તા:<br>ભાગીદાર/રો ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય, | 08-09-2022<br>08-09-2022 | 8377 | |
| માલિકી ફેરખત/વેચાણ<br>રૂ|.17790000.00 | રે સ નં 496/41<br>ક્ષે 31371.00 ચો મી<br>રહેણાંક હેતુ પ્લોટ ક્ષે 19918.53 ચો મી<br>સાર્વજનીક પ્લોટ ક્ષે 3540.74 ચો મી<br>આંતરીક રોડ-રસ્તા ક્ષે 7911.73 ચો મી | | | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>દિપક પ્રકાશ ચંદનાની<br>પંકજ રતિલાલ બલદાનીયા | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>મે. રોયલ અનન્તા:<br>ભાગીદાર/રો ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય, | 08-09-2022<br>08-09-2022 | 8377 | |

Seal of the Sub-Registrar ★ Gandhidham

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : Yash K Pota ADV** અરજી નંબર : 3970 ગામ નું નામ : **SINAY**

**Search Year : 2007 - 2022** મિલ્કતનું વર્ણન : સર્વે નંબર ૪૯૬/૪૧ ના કુલ્લ ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી માં આવેલ રહેણાંક હેતુ અર્થે ના પ્લોટ નંબર ૧ થી ૧૮૬ નું ક્ષેત્રફળ ૧૯૯૧૮.૫૩ ચો.મી,વાણીજ્ય હેતુ અર્થે પ્લોટ નંબર સી-૧ થી સી-૯ નું ક્ષેત્રફળ-૪૦૩૨.૦૦ ચો.મી,સાર્વજનિક પ્લોટ નું ક્ષેત્રફળ ૩૫૪૦.૭૪ તથા આંતરિક રોડ રસ્તા-માટે કુલ્લ ક્ષેત્રફળ ૭૯૧૧.૭૩ ચો.મી એમ કુલ્લ જમીન નું ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham** મા -16 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 14/09/2022 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાંની કોઇપણ માહિતી સબંધ મા નુક

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ|.17790000.00 | રે સ નં 496/41<br>ક્ષે 4032.00 ચો મી<br>વાણિજ્ય હેતુ | | | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>દિપક પ્રકાશ ચંદનાની<br>પંકજ રતિલાલ બલદાનીયા | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>મે. રોયલ અનન્તા:<br>ભાગીદાર/રો ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય, | 08-09-2022<br><br>08-09-2022 | 8377 | |
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ|.17790000.00 | રે સ નં 496/41<br>ક્ષે 4032.00 ચો મી<br>વાણિજ્ય હેતુ | | | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>દિપક પ્રકાશ ચંદનાની<br>પંકજ રતિલાલ બલદાનીયા | ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય<br>મે. રોયલ અનન્તા:<br>ભાગીદાર/રો ચંદ્રેશ કાંતિલાલ આચાર્ય, | 08-09-2022<br><br>08-09-2022 | 8377 | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20220914417442350 Date **14/09/2022** થી મળેલ છે.

Seal of the Sub-Registrar * Gandhidham *

પ્રિન્ટ તારીખ : 14/09/2022 13:41:54

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in : Yash K Pota ADV** અરજી નંબર : 3970 ગામ નું નામ : **SINAY**

**Search Year : 2007 - 2022** મિલ્કતનું વર્ણન : સર્વે નંબર ૪૯૬/૪૧ ના કુલ્લ ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી માં આવેલ રહેણાંક હેતુ અર્થે ના પ્લોટ નંબર ૧ થી ૧૮૬ નું ક્ષેત્રફળ ૧૯૯૧૮.૫૩ ચો.મી,વાણીજ્ય હેતુ અર્થે પ્લોટ નંબર સી-૧ થી સી-૯ નું ક્ષેત્રફળ-૪૦૩૨.૦૦ ચો.મી,સાર્વજનિક પ્લોટ નું ક્ષેત્રફળ ૩૫૪૦.૭૪ તથા આંતરિક રોડ રસ્તા-માટે કુલ્લ ક્ષેત્રફળ ૭૯૧૧.૭૩ ચો.મી એમ કુલ્લ જમીન નું ક્ષેત્રફળ ૩૫૪૦૩.૦૦ ચો.મી.

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham** મા -16 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. **14/09/2022** સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઈ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઈપણ માહિતી સબંધ મા નક

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) Kutchh-Bhuj Gandhidham**

Seal of the Sub-Registrar ★ Gandhidham ★